# જાહેરાત

કાલોલ તાલુકા આઇ.સી.ડી.એસ. ઘટક- ૧ ના ગામોમાં આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર/ તેડાગરની ખાલી પડેલ તથા ૧ વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓની ભરતી કરવાની થાય છે. જેની વિગત નીચે મુજબ છે. અરજીનો નમુનો અત્રેની કચેરીના કામકાજના સમયમાં અત્રેથી મળી શકશે. શહેરી/ ગ્રામ્ય વિસ્તાર

| ક્રમ | ગામ આં. વાડી કેન્દ્રનું નામ | આંગણવાડી કેન્દ્રમાં આવરી લીધેલ ફળિયાના નામ | કાર્યકરની ખાલી જગ્યા | તેડાગરની ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ડેરોલ ગામ<br>ડેરોલ ગામ- ૩, બુઢેલ ફળિયું | બુઢેલ ફળિયું, ભાથીજી ફળિયું, જુનુ ફળિયું, ભરવાડ ફળિયું | ૧ | ૦ |
| ૨ | ડેરોલ ગામ<br>ડેરોલ ગામ- ૪,<br>કાકણના મુવાડા | કાકણના મુવાડા, મંદિર ફળિયું, વચલુ ફળિયું, રાવળ ફળિયું,<br>નવી નગરી | ૧ | ૦ |
| ૩ | ચૌંગળી<br>ચૌંગળી- ૪, રાજપુર | રાજપુર, રાવળ ફળિયું, પંચવાળુ ફળિયુ, આચમણું ફળિયું લીમડાવાળું ફળિયું, નિશાળ ફળિયું, ટેકરાવાળુ ફળિયુ, તળાવ ફળિયું, સાલસોલી રોડ ફળિયું | ૧ | ૦ |
| ૪ | ભાદરોલી બુઝર્ગ,<br>ભાદરોલી બુઝર્ગ- ૧<br>નિશાળ ફળિયું | નિશાળ ફળિયું, પટેલ ફળિયું, મંદિર ફળિયું, પાદેડા ફળિયું | ૧ | ૦ |
| ૫ | પલાસા<br>પલાસા- ૧ નિશાળ ફળિયું | નિશાળ ફળિયું, સરકારી ફળિયું, ઉગમણું ફળિયું, ભાથીજી ફળિયું, પંચાયત ચોરાવાળુ ફળિયું પટલાવગુ ફળિયું, જુનો વણકરવાસ | ૧ | ૦ |
| ૬ | નેવરીયા<br>નેવરીયા, નિશાળ ફળિયું | નિશાળ ફળિયું, ઉગમણું ફળિયું, આથમણું ફળિયું, વચલુ ફળિયું, રોડવાળુ ફળિયું બજાણીયાવાસ, હરીજનવાસ, ઇન્દિરા કોલોની | ૧ | ૧ |
| ૭ | તરવડા,<br>તરવડા ડેરી ફળિયું | ડેરી ફળિયું, નિશાળ ફળિયું, બજાર ફળિયું, ખડકી ફળિયું, પાછલુ ફળિયું | ૧ | ૦ |
| ૮ | બાકરોલ,<br>બાકરોલ- ૭, નવી નગરી,<br>(રાવળ ફળિયું) | નવીનગરી (રાવળ ફળિયું) ભરવાડ વાસ, લક્ષ્મણ ભગતનો કુવો,<br>શિવ નગરી, હરિસિધ્ધિ માતાનું મંદિર | ૧ | ૧ |
| ૯ | બાકરોલ,<br>બાકરોલ-૧, નાનો કુંભારવાડો | નાનો કુંભારવાડો, મોટો કુંભારવાડો, રાવળ ફળિયું, બામણ ફળિયું, નિશાળ ફળિયું કડિયા વગુ, (નવાપુરા) ભોજ વગુ, હરિજનવાસ, ભોઇ ફળિયુ, સરકાર વગુ, પોસ્ટ ઓફિસ ફળિયુ, નવીનગરી, બસ સ્ટેશન | ૦ | ૧ |
| ૧૦ | કલેટીયા<br>કલેટીયા-૧, પંચાયત ફળિયુ | પંચાયત ફળિયું, નિશાળ ફળિયું, માતાવાળુ ફળિયું, મોટુ ફળિયું<br>નાયકવાસ, સોનીવાળુ ફળિયું | ૦ | ૧ |
| ૧૧ | સાતમણા,<br>સાતમણા, નિશાળ ફળિયુ | નિશાળ ફળિયું, પરમાર ફળિયું, મકવાણા ફળિયું, પંચાલ ફળિયું, ચોરા ફળિયું રાજપૂત ફળિયું, ખરી ફળિયું, ભરવાડ વાસ, ઇન્દિરા વાસ, નર્મદા વસાહત | ૦ | ૧ |
| ૧૨ | કાતોલ,<br>કાતોલ- ૨, દેવપુરા ફળિયું | દેવપુરા ફળિયુ, નવીનગરી | ૦ | ૧ |
| | | કુલ | ૮ | ૬ |

કાલોલ તાલુકા આઇ.સી.ડી.એસ. ઘટક- ૨ ના ગામોમા આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર/ તેડાગરની ખાલી પડેલ ૧ વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓની ભરતી કરવાની થાય છે. જેની વિગત નીચે મુજબ છે. અરજીનો નમુનો અત્રેની કચેરીના કામકાજના સમયમાં અત્રેથી મળી શકશે. શહેરી/ ગ્રામ્ય વિસ્તાર

| ક્રમ | ગામ આં. વાડી કેન્દ્રનું નામ | આંગણવાડી કેન્દ્રમાં આવરી લીધેલ ફળિયાના નામ | કાર્યકરની ખાલી જગ્યા | તેડાગરની ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | કરોલી, મલવાણ,<br>ટેકરા ફળિયા, (મીની આં. વાડી) | મલવાણ ટેકરા ફળિયા, સ્ટોરવાળુ ફળિયું નિશાળ ફળિયું | ૧ | ૦ |
| ૨ | કરોલી,<br>રાણીયા મંદિર ફળિયા | રાણીયા મંદિર ફળિયા, રામદાસ ફળિયુ, રોડ ફળિયુ, સ્ટોરવાળુ ફળિયું | ૧ | ૧ |
| ૩ | કરોલી, મલવાણ રણીયા<br>મંદિર ફળિયા | મંદિર ફળિયું, માજી સરપંચ ફળિયું<br>ગુંદા ફળિયુ | ૦ | ૧ |
| ૪ | અડાદરા, અડાદરા-૨<br>વચલુ ફળિયું | વચલુ ફળિયું, વડવાળુ ફળિયું<br>વરીયા ફળિયું, સુથાર ફળિયું | ૦ | ૧ |
| ૫ | પરૂણા, કાનીયાખોડા<br>રાઠવા ફળિયું | રાઠવા ફળિયું, ઉગમણું ફળિયુ, આથમણું ફળિયું, નિશાળ ફળિયું | ૦ | ૧ |
| ૬ | ચોરાડુંગરી,<br>ચોરાડુંગરી (ગામતળ) | ચોરાડુંગરી, નવુ ફળિયું, પંચાયત ફળિયું<br>નવીનગરી, આંબાવાડી, મોટુ ફળિયુ<br>(ડેરી ફળિયુ) | ૦ | ૧ |
| | | કુલ | ૨ | ૫ |

**: શરતો :**

૧. જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૨૦માં નિયત નમૂનામાં અરજી ફોર્મ ભરી અત્રેની કચેરીએ મળી જાય તે રીતે આર.પી.એ.ડી.થી મોકલવાની રહેશે. સમય મર્યાદા બહાર મળેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં તેમજ સાદી ટપાલ કે કુરીયર અથવા રૂબરૂ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.
૨. ઉમેદવારની ઉંમર જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
૩. આંગણવાડી કાર્યકર માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી(૧૦ પાસ) અને તેડાગર માટે ધો.૭ પાસ હોવી જોઇએ. જેતે આંગણવાડી કેન્દ્ર પર તેડાગર તરીકે પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોય અને આંગણવાડી કાર્યકર તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તે ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે.
૪. અરજી સાથે શૈક્ષણીક લાયકાતના પ્રમાણપત્ર શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા અન્ય લાયકાતના પ્રમાણપત્રો માર્કશીટોની પ્રમાણીત નકલો સામેલ કરવાની રહેશે તથા તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અરજી પર લગાવવાનો રહેશે.
૫. આંગણવાડી કાર્યકર /તેડાગર તરીકે જેતે સ્થાનિક પરણીત મહિલાને જ નિમણૂંક આપવામાં આવશે. પરણિત મહિલા તરીકે લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
૬. આંગણવાડી કેન્દ્ર ગામના જે ફળિયામાં આવેલ હોય તે ફળિયાની હદમાં વસવાટ કરતાં હોય તેવા સ્થાનિક ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.
૭. ગામના જેતે ફળિયામાં રહેતા હોવા બાબતે ત.ક.મંત્રીશ્રીનો દાખલો રજૂ કરવાનો રહેશે. તથા ચૂંટણી કાર્ડ જેતે ફળિયાની મતદાર યાદી રજૂ કરવાની રહેશે.
૮. જેતે અરજી સાથે સામેલ કરેલ તમામ પૂરાવા પ્રમાણિત કરેલ હોવા જોઇએ તથા રૂબરૂ મુલાકાત સમયે તેના અસલ પ્રમાણિત પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.
૯. ખુટતી વિગતો તથા અધુરી વિગતોવાળી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં તથા નામંજૂર થયેલ અરજીઓ બાબતે કોઇપણ જાતનો પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
૧૦. અરજદારે અરજીમાં કઇ જગ્યા માટે અરજી કરેલ છે (દા.ત.આંગણવાડી કાર્યકર તથા તેડાગર) તેની વિગતો અરજીમાં સ્પષ્ટ દર્શાવવાની રહેશે તથા પોતાના સરનામાની વિગતો ફળિયા સહિત સ્પષ્ટ વાંચી શકાય તે રીતે દર્શાવવાની રહેશે.
૧૧. નિમણૂંક માટેની પસંદગીની આખરી સત્તા પસંદગી સમિતિની રહેશે. જેમાં ૧૦ પાસ ઉપરાંત વાળા ઉમેદવાર હશે તો જેતે બોર્ડ, ડિપ્લોમાં અથવા ડિગ્રીના પૂર્ણ કરેલ શૈક્ષણિક લાયકાત અભ્યાસક્રમને જ ધ્યાનમાં લેવામાં આવશે.
૧૨. ઉમેદવારીકરવા ઇચ્છુક સ્થાનિક ઉમેદવારના નામ જેતે આંગણવાડી કેન્દ્રના કુટુંબ સર્વે રજીસ્ટરમાં નામ નોંધાયેલા હોવા બાબતનું પ્રમાણપત્ર જેતે સ્થાનિક આંગણવાડી કાર્યકરનું મેળવી મુખ્ય સુપરવાઇઝરશ્રીની સહીવાળુ પ્રમાણપત્ર અરજી સાથે સામેલ કરવાનું રહેશે.
૧૩. અરજીમાં રજૂ કરેલ પ્રમાણપત્ર જ માન્ય ગણાશે તે સિવાય ઇન્ટરવ્યુના દિવસે કોઇ બીજા પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે તો તે માન્ય ગણાશે નહીં.
૧૪. અરજી મોકલવાનું સરનામુ સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રી કાલોલ ઘટક- ૧ અને ઘટક-૨ આઇ.સી.ડી.એસ. શાખા તાલુકા પંચાયત કચેરી કાલોલ જિ.પંચમહાલ

| | |
|---|---|
| સહી | સહી |
| સંકલીત બાળ વિકાસ યોજના | સંકલીત બાળ વિકાસ યોજના |
| અધિકારી-૧ | અધિકારી-૨ |
| કાલોલ (પંચમહાલ) | કાલોલ (પંચમહાલ) |

(માહિતી-ગોધરા-૨૨૯-૧૭)